શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું મુખપત્ર

RNI No. GUJGUJ/2002/7890

# દિશાવાળ સૌરભ

કાર્યાલય : શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ, 'ઓજસ ભવન' સ્ટેટ બેંક સામે,
આસ્ટોડિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ટ્રસ્ટ રજી નં. : A/3567

● સ્થાપના વર્ષ : ૧૯૯૯ ● વર્ષ : ૨૧ ● અંક : ૦૩ ● સળંગ અંક : ૨૧૪ ● સપ્ટેમ્બર ૨૦૨૨ ● કિંમત રૂા. ૩/-

## શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ મહિલા પાંખ આયોજિત

## મેગા હાઉસીની મેગા સફળતાની બોલતી તસ્વીરો... તા. ૭-૯-૨૦૨૨, ટાગોર હોલ
















# મેગા હાઉસીની મેગા સફળતાની બોલતી તસ્વીરો... તા. ૭-૯-૨૦૨૨, ટાગોર હોલ



























**સમાજના હોદ્દેદારશ્રી**

**દેવાંગ પી. દેસાઈ** - પ્રમુખ
(R) : 26608712 (M) 9409230043
**દેવાંગ કે. શાહ** - ઉપપ્રમુખ
(R) : 26671818 (M) : 9898191200
**અશોકભાઈ બી. શાહ** - ઉપપ્રમુખ
(M) : 9824011050
**દીપક સી. શાહ** - મંત્રી
(R) : 27453507 (M) : 9898078379
**જીગ્નેશ એ. ભગત** - સહમંત્રી
(R) : 26821117 (M) : 9824019569
**શ્વેતલ એન. શાહ** - સહમંત્રી
(M) : 9825063439
**મિતેષ એમ. શાહ** - ખજાનચી
(R): 27472227 (M) : 9879010547

**ટ્રસ્ટીશ્રી**

**જગદીશભાઈ શાહ**
(M) 9925104088, 8849132409
**પ્રમોદભાઈ આર. શાહ**
(M) : 8401737072
**કિરીટભાઈ કે. શાહ**
(M) : 9824032835
**અશ્વિનભાઈ કે. પરીખ**
(M) : 9824082007

**મહિલા પાંખ હોદ્દેદારો**

સરલાબેન એ. શાહ - ચેરપર્સન
(M) : 9328210543
દક્ષાબેન શાહ - પ્રમુખ
(M) : 9426424555
કૈલાસબેન જી. શેઠ - ઉપપ્રમુખ
(M) : 9998837367
નીનાબેન જી. શાહ - મંત્રી
(M) : 9558249987
કિશોરીબેન એસ. માણકીવાળા - સહમંત્રી
(M) : 9979097730
સુનીતાબેન વી. શાહ - ખજાનચી
(M) : 7046180180

**સંપાદકીય કમિટી**

**સમાજના પ્રમુખશ્રી / મંત્રીશ્રી**
**હર્ષદ જે. શાહ** - તંત્રી
(M) : 9327057349
**ભરત એન. શાહ** - સહતંત્રી
(R) : 22891755 (M) : 9426404209
**સુનીલ બી. શાહ** - સહતંત્રી
(M) : 9376168924
**રૂપલ કે. શાહ** - સહતંત્રી
(M) : 9924132212

**ધીરેન બી. પરીખ** -કાનુની સલાહકાર
(M) : 9426265355


## પ્રમુખશ્રીની કલમે.....



**દેવાંગ પી. દેસાઇ**

પ્રિય સભ્ય મિત્રો
સાદર પ્રણામ,

કોરોના કાળના બે વર્ષના વિરામ બાદ સમાજ દ્વારા કાર્યક્રમોની વણઝાર શરૂ થઈ ગઈ છે. તેમાનો પ્રથમ કાર્યક્રમ ‘‘સસરાજી નું સુરસીયુ’’ નાટક તા. ૧૦-૭-૨૦૨૨ ના રવિવારે ટાગોર હોલમાં રાખવામાં આવેલ હતો અને તે દિવસે કુદરતી પ્રકોપ થયો હોય તે રીતે સાંજના ૭.૦૦ વાગ્યાથી મુશળધાર વરસાદ (૧૮ ઈંચ જેટલો) વરસ્યો અને રાતના ૧૧.૦૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. આવી દુર્ગમ પરિસ્થિતિમાં પણ ૨૦૦ થી પણ વધુ સભ્યો નાટક માણવા આવ્યા હતા. આવી પરિસ્થિતિમાં આવેલ સભ્યોની હિંમતને દાદ દેવી પડે. હું પણ હોલ પર મોડો પહોચ્યો હતો. તે વખતે હોલમાં લગભગ ૪૦૦ થી પણ વધુ સીટો ખાલી હતી. આ જોઈને નહીં આવેલા સભ્યોને ટીકીટના પૈસા પરત આપવાનો ત્વરીત નિર્ણય લઈ લીધો અને બીજે દિવસે સવારે તે માટેનો સરક્યુલર પણ કરી દીધો. આ નિર્ણયને સભ્યોએ ખૂબ વધાવ્યો અને સમાજે કુદરતી કારણસર નહીં આવેલા સભ્યોને ટીકીટના નાણાં પરત આપી એક ઉત્કર્ષ ઉદાહરણ પુરૂ પાડ્યું.

ત્યારબાદ તા. ૭-૯-૨૦૨૨ ને બુધવારના રોજ સમાજની મહિલા પાંખ દ્વારા ટાગોર હોલમાં ‘‘મેગા હાઉસી’’ નો કાર્યક્રમ ખૂબ ધૂમધામથી ઉજવાઈ ગયો. જેમાં મહિલા પાંખના પ્રમુખ શ્રીમતિ દક્ષાબેન અને એમની ટીમે ખૂબ જ જેહમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો. જેમાં સમાજના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોએ પણ ખૂબ સાથ સહકાર આપેલ. હવે તા. ૨-૧૦-૨૦૨૨ ના રોજ ભુદરપુરા પાર્ટીપ્લોટ માં ગરબા મહોત્સવ યોજવાનું નક્કી કરેલ છે. જેની વિગતવાર માહિતિ આ આંકના ટાઈટલ પર આપવામાં આવેલ છે. જેમાં સૌ સભ્યો ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા વિનંતિ છે.

ત્યારબાદ તા. ૨૫-૧૨-૨૦૨૨ ને રવિવારના રોજ પંડિત દિનદયાલ હોલમાં ૧૧ મું યુવક-યુવતિ પરિણય પસંદગી સંમેલન યોજવાનું નક્કી કરેલ છે. આ વખતે ઉમેદવારોનું રજીસ્ટ્રેશન અને તેનું પેમેન્ટ ઓનલાઈન થાય તેવી વ્યવસ્થા કરેલ છે. તેનુ ફોર્મ અને અન્ય વિગતો આ અંકમાં આપવામાં આવેલ છે. આમ ઉપર મુજબ ભરચક કાર્યક્રમો હોવાથી અમો હોદ્દેદારો અને કારોબારી સભ્યો ઉપર કામનો ભાર બહુ રહે છે. પરંતુ તેનો અમને આનંદ છે. આપ સૌ સભ્યો કાર્યક્રમનો આનંદપૂર્વક માણો અને અમોને સાથ-સહકાર આપતા રહો તવી આશા સાથે. આભાર...

## શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ

## વાર્ષિક સામાન્ય સભા

સભાસદ ભાઈઓ - બહેનો, તારીખ : ૧૦-૯-૨૦૨૨

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની વાર્ષિક સામાન્ય સભા નીચે દર્શાવેલ તારીખ-સમયે નીચે મુજબના એજન્ડા માટે રાખેલ છે. સૌ સભાસદ ભાઈ-બહેનોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**તારીખ-વાર :** ૧૦-૧૦-૨૦૨૨, સોમવાર, **સમય :** સાંજે ૭.૦૦ કલાકે
**સ્થળ** : ૫, વાલ્મિક કોમ્પલેક્ષ, પરીમલ ગાર્ડન સામે, એલીસબ્રીજ, અમદાવાદ.

**● એજન્ડા ●**

- ગત સામાન્ય સભાની મીટીંગની મિનીટસનું વાંચન કરી મંજૂર કરવા બાબત.
- સમાજના તા. ૩૧-૦૩-૨૦૨૨ના રોજ પુરા થતા વર્ષના વાર્ષિક ઓડિટેડ હિસાબો વંચાણમાં લઈ મંજૂર કરવા બાબત.
- સમાજના હિસાબોના ઓડિટ કામકાજ માટે ઓડિટરશ્રીની નિમણૂંક કરવા બાબત.
- નવીન કારોબારી સમિતિની વર્ષ-૨૦૨૨-૨૫ ના વર્ષ માટે રચના કરવા બાબત.
- આગામી કાર્યક્રમની જાણકારી આપવા બાબત.
- પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂઆત થાય તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ : (૧) આ સાથે સમાજના તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ પુરા થતાં વર્ષના ઓડિટ થયેલ હિસાબો દિશાવાળ સૌરભના પાના. નં. ૪ પર આપેલ છે.

(૨) વાર્ષિક સામાન્ય સભા માટે આવશ્યક કોરમ માટેની હાજરી સભાના સમયે નહીં થાય તો, કોરમના અભાવે મુલત્વી રહેલ સામાન્ય સભા નિયત સમય બાદ, અડધા કલાક બાદ તેજ સ્થળે તે જ એજન્ડા માટે મળી શકશે અને આ સભાના કાર્યો સામાન્ય સભાના કાર્યો જ ગણાશે.

(૩) સમાજના હિસાબોના અંગેની માહિતી કોઈપણ સભ્યને જોઈતી હોય તો સમાજની ઓફિસે સામાન્ય સભાના સાત (૭) દિવસ અગાઉ લેખીત જાણ કરવાથી સામાન્ય સભામાં તે અંગે ખુલાસા કરી શકાશે.

**શ્રી દીપકભાઈ સી. શાહ**
મંત્રીશ્રી

The Bombay Public Trust Act, 1950-Sch.IX - Vide Rule 17 (1)

# SHREE AHMEDABAD DISHAWAL SAMAJ

Ojas Bhavan, Opp. State Bank of India, Astodia, Ahmedabad 380 001.

Trust Reg. No. A/3567/AHD/25-05-1999 * PAN NO. AABTS9842H *IT 12AB No.: AABTS9842HE20002 80G No.:AABTS9842HF20216

## Income & Expenditure Account for the year ended 31-03-2022

| Pr. Year | EXPENDITURE | | Amount | Pr. Year | INCOME | | Amount |
|---|---|---|---|---|---|---|---|
| | To Establishment Expenses | | | | By Interest received on | | |
| | | | | | Fixed Deposit From | | |
| 56,963.00 | Stationery & Printing | 91,804.00 | | 422,871.00 | Bank of Baroda | 320,359.00 | |
| - | Postage Expenses | 17,300.00 | | - | Saving Bank Account | 13,811.00 | |
| - | Salary & Bonus | - | | 2,475.00 | On Income Tax Refund | 1,974.00 | |
| 6,000.00 | Professional Charges | 11,800.00 | | 29,383.56 | Interest on SSNNL | 74,999.99 | 411,143.99 |
| 7,859.00 | Miscellaneous Expenses | 8,490.00 | | | Other Income | | |
| - | Meeting Expenses | 4,942.00 | | 25,000.00 | Advertisement Income | | |
| - | Advertisement Expenses | | | 2,356,036.00 | Donation Income | 57,500.00 | |
| - | Repairs & Maintenance | 44,522.00 | | - | Navratri Mohotsav Income | - | |
| 548.60 | Bank Charges | 70.80 | | 11,000.00 | Widow Helping Fund | - | |
| 2,600.00 | Electricity Exp | 3,840.00 | | - | Candidate Registration Fees | - | |
| 10,521.00 | Municipal Tax | 6,323.00 | | 400.00 | Vatav & Kasar A/c. | 9,630.71 | 67,130.71 |
| 4,800.00 | Office Exp | 4,960.00 | | | | | |
| 69,817.00 | Food Grain Donation Exp. A/c. | 32,299.00 | | | | | |
| 180.00 | Charity Fees / Exps | | 226,350.80 | | | | |
| | Expenses for the object of the trust | | | | | | |
| | (a) Educational | | | - | | | |
| 3,800.00 | Prize distribution Expenses | - | - | | | | |
| **2,684,076.96** | Surplus carried To Balance Sheet | | **251,923.90** | - | Deficit carried To Balance Sheet | | |
| **2,847,165.56** | | | **478,274.70** | **2,847,165.56** | | | **478,274.70** |

## Balance Sheet as at 31-03-2022 (Schedule VIII - Vide Rule 17(1)

| Pr. Year | EXPENDITURE | | Amount | Pr. Year | INCOME | | Amount |
|---|---|---|---|---|---|---|---|
| | **TRUST FUND** | | | | **FIXED ASSESTS** | | |
| 27,509.00 | Institutional Membership Op. Bal. | 27,509.00 | | 139,635.00 | Furniture & Fixtures Op. Bal. | 139,635.00 | |
| 725,977.00 | Individual Membership Op. Bal. | 725,977.00 | | - | Add: Addition during the year | 179,930.00 | |
| - | Addition of the Year | - | 753,486.00 | 2,180,637.00 | Office | 2,180,637.00 | |
| | **OTHER EARMARKED FUND:** | | | | Add: Addition during the year | 26,630.00 | 2,526,832.00 |
| | (Created under the provisions of the trust | | | | **INVESTMENTS** | | |
| | deed or scheme or out of the Income | | | 1,000,000.00 | SSNNL | | 1,000,000.00 |
| 745,856.40 | General Reserve Fund Op. Bal. | | 745,856.40 | | Fixed Deposit with | | |
| 242,635.00 | Building Fund | 613,237.00 | | | Reserve Bank of India | | |
| 370,602.00 | Addition of the Year | - | 613,237.00 | | (Taxable Saving Bond) | | |
| 1,013,685.00 | Education Fund Op. Bal. | 1,013,685.00 | | - | HDFC FDR | | 1,500,000.00 |
| - | Addition of the Year | - | 1,013,685.00 | | Fixed Deposit with | | |
| 121,725.00 | Food Relief Fund Op. Bal. | | 121,725.00 | 4,545,000.00 | Bank of Baroda | | 3,295,000.00 |
| 370,602.00 | Office Fund Op. Bal. | 370,602.00 | | | **LOANS AND ADVANCES** | | |
| (370,602.00) | Addition / utilisation of the Year | (370,602.00) | - | | Tax deducted at sources on Interest | | |
| 185,928.00 | Medical Relief Fund Op. Bal. | | 185,928.00 | 27,259.33 | A.Y. 2013-2014 | 27,259.33 | |
| 54,121.00 | Cultural Activities Fund | | 54,121.00 | 24,726.00 | A.Y. 2020-2021 | - | |
| 1,023,111.00 | Corpus Fund Op. Bal | 1,023,111.00 | | 32,957.00 | A.Y. 2021-2022 | 32,957.00 | |
| - | Addition of the Year | - | 1,023,111.00 | - | A.Y. 2022-2023 | 36,075.00 | 96,291.33 |
| | **CURRENT LIABILITIES** | | | 2,500.00 | SVVP Membership | | 2,500.00 |
| 6,000.00 | Liabilities for Expenses | | - | 32,120.00 | Accrued Interest Receivable | | 32,434.00 |
| | Unpaid Creditors for Expenses | | - | 27,179.56 | Accrued Interest SSNNL | | 33,657.26 |
| | | | | | **CASH AND BANK BALANCE** | | |
| | **INCOME AND EXPENDITURE A/c.** | | | 11,966.10 | Cash on Hand | | 6,457.10 |
| 1,146,097.28 | Opening Balance | 3,830,174.24 | | 323,343.65 | Bank of Baroda Saving Bank A/c | | 100,075.85 |
| 2,684,076.96 | Add. Surplus(Less Deficit) as per | 251,923.90 | 4,082,098.14 | | | | |
| | Income&Expenditure enclosed | | | | | | |
| **8,347,323.64** | | | **8,593,247.54** | **8,347,323.64** | | | **8,593,247.54** |

201, Pinnacle Business Park,
Corporate Road,
Nr. AUDA Garden,
Ahmedabad - 380 015.
Date : 09/09/2022

As per Report of even date
For, Mahendra N. Shah & Co.
(Chartered Accountants) Sd/-
Chirag M. Shah (Partner)
Membership No. F-45706

**For, SHREE AHMEDABAD DISHAWAL SAMAJ**

**Sd/- Jagdishbhai S. Shah (Trustee)**

## શ્રધ્ધાંજલિ



### સ્વ. બળદેવદાસ નાથાલાલ શાહ

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના હિતચિંતક અને માર્ગદર્શક **સ્વ. બળદેવદાસ નાથાલાલ શાહ** ના તા. ૨૩-૮-૨૦૨૨ ના રોજના શ્રીજીચરણ પામ્યાના સમાચાર સાંભળી સમગ્ર દિશાવાળ સમાજ શોકની લાગણી અનુભવી રહ્યો છે.

**શ્રી બળદેવકાકા** એ ખૂબ જ મહેનત અને ધગશ સાથે સામેના વહેણમાં પોતાની નાવ હંકારી હતી અને પોતાના દિવાસ્વપ્ન સમાન ફેરમેટ કંપનીને એક ઉચ્ચતમ સ્થાન અપાવ્યું અને તેના તેઓ ફાઉન્ડર અને ચેરમેન તરીકે સેવા આપતા હતા. અમદાવાદથી શરૂ કરેલ ધંધાકીય યાત્રા ભારતભર અને વિદેશ સુધીની સફર પણ તેઓ કરી ચુક્યા છે.

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજમાં **શ્રી બળદેવકાકા** એ ત્રણ વર્ષ માટે ધુરા સંભાળી પ્રમુખપદને દિપાવ્યું હતું. પોતાના પ્રમુખપદ સમયે સર્વે ટ્રસ્ટ્રીગણ હોદ્દેદારો અને કારોબારી સભ્યોને ઉત્સાહ આપવામાં અને ખભેખભા મિલાવીને સમાજને ઉચ્ચતમ કક્ષાએ લઈ જવામાં તેઓ અગ્રેસર રહેતા. **શ્રી બળદેવકાકા**નો સદાય હસતો ચહેરો, રમુજીવૃત્તિ, માયાળુ સ્વભાવ, પરિવાર પત્યે ઉદારભાવના અને છેવાડાના જ્ઞાતિજન પ્રત્યે આદર આ તમામને દિશાવાળ ભાઈ-બહેનો ક્યારેય ભુલશે નહીં. **શ્રી બળદેવ કાકા**નો અપાતો મીઠો આવકાર હજુ પણ કાનમાં ગુંજે છે.

જીવન અને મૃત્યુ એક ક્રમ છે અને તેમાં પામર મનુષ્યનું કાંઈ ચાલતું નથી. **શ્રી બળદેવકાકા** ના આત્માને શ્રધ્ધાંજલિ આપતાં આંખો અશ્રુભીની થઈ જાય છે. શ્રી રાકેશભાઈ, શ્રી ઉમેશભાઈ, શ્રી ભાવેશભાઈ તથા ઘરના કુટુંબીજનો ઉપર આવી પડેલ આકસ્મિક આપત્તિને-આઘાતને સહન કરવાની શક્તિ અને હિંમત આપે તે જ પરમાત્મા - માતાજીને પ્રાર્થના.

અશ્રુભીની આંખે.... શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના સમસ્ત ટ્રસ્ટીગણ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો - મહિલા પાંખ દ્વારા શ્રધ્ધાંજલિ.

## શ્રધ્ધાંજલિ



### સ્વ. ચીનુભાઈ રણછોડલાલ શાહ

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના હિતેચ્છુ સૌના લાડીલા, પરોપકારી અને ડિમ્પલ સ્ટેશનરી માર્ટ ના સ્થાપક હાલના હયાત ટ્રસ્ટી **સ્વ. ચીનુભાઈ રણછોડલાલ શાહ (ચીનુકાકા)** ના તા. ૧૩-૮-૨૦૨૨ ને શનિવારના રોજના શ્રીજીચરણના સમાચાર મળતાં જ સમગ્ર દિશાવાળ જ્ઞાતિજનોમાં ઘેરા આઘાતની લાગણી પ્રસરી ગયેલ છે. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના સર્વે ટ્રસ્ટીગણ, હોદ્દેદારો અને કારોબારી સમાજે એક મોભી ગુમાવ્યાની વ્યથા અનુભવાઈ રહી છે.

સદાય સ્નેહના સાગરસમા, હર કોઈને પોતાના ગણી મધુર સ્મિત સાથે પારકા પોતાના કરનાર, હૃદયે ભોળા સૌમ્ય સ્વભાવવાળા **સ્વ. ચીનુકાકા** ને ક્યારેય ભુલી શકાય તેમ નથી. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની શરૂઆત થી જોડાયેલા અન છેલ્લા ઘણા વર્ષોથી ટ્રસ્ટીશ્રી તરીકે તેઓએ સેવા આપેલ છે. આ ઉપરાંત શ્રી દશા દિશાવાળ વણિક જ્ઞાતિ અમદાવાદ ઘટકના સ્થાપક કારોબારી સભ્ય તરીકે તથા છેલ્લા ૨૦ વર્ષ થી પ્રમુખ તરીકે ની સેવાઓ આપેલ છે. શ્રી દશા દિશાવાળ હિતવર્ધક મંડળ - નાપા નડિયાદના ટ્રસ્ટીશ્રી તરીકે અને સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ - જુના ડિસાના ટ્રસ્ટી તરીકે સેવા આપી ચુકેલ છે. આ ઉપરાંત અન્ય ઘણા પરોપકારના કાર્યો સાથે તથા ધાર્મિક કાર્યક્રમના આયોજન સાથે જોડાયેલા રહ્યા છે. તેઓની અમુલ્ય સેવાનો લાભ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજને કાયમ માટે મળતો રહ્યો છે. જેઓના અવસાનથી સમાજને ના પુરી શકાય તેવી મોટી ખોટ પડી છે.

ઈશ્વર ઈચ્છા પાસે આપણો શું ઉપાય ? પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને સાચી શાંતિ આપે અને તેઓના પુત્રો ડિમ્પલભાઈ તથા કૌશલભાઈ અને પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ માતાજીને પ્રાર્થના....

અશ્રુભીની આંખે.... શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના સમસ્ત ટ્રસ્ટીગણ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો - મહિલા પાંખ દ્વારા શ્રધ્ધાંજલિ.

## આભાર

સમાજ દ્વારા મેડીકલ રાહત યોજના આપવાનું શરૂ કરેલ છે. સમાજના સભ્યો ખુબ જ સારી રીતે રાહતદર ની દવાઓ લેવાનો ઉપયોગ કરે છ. સમાજના સભ્યોને દવાઓમાં ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. તેમાં સમાજ દ્વારા ૩% ની સબસીડી આપવામાં આવે છે. જે ૩% **M-108** ના શ્રીમતી નિર્મળાબેન પ્રકાશભાઈ ગાંધી (પાલનપુર) દ્વારા એક વર્ષ માટે આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ ૩% ની રાહત આપવા બદલ શ્રીમતી નિર્મળાબેન નો તથા તેઓના કુટુંબીજનોનો શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા આભાર માનવામાં આવે છે.

II Shri Siddhambika Matay Namah II

# SHRI AHMEDABAD DISHAWAL SAMAJ

5, Valmik Complex, Opp. Kalupur Bank, Near Parimal Garden, Ellisbridge, Ahmedabad-380006.
Mobile No. : 9512340532 I Trust Reg. No. A/3567

Candidate Reg. No.

## 11th Lagnotsav Yuvak-Yuvati Parichay - Pasandgi Sammelan

**Only for Dishawal & Vaishnav Vanik Boys -Girls**

**Function Date** : 25-12-2022, Sunday **Time** : 8:00 am to 5:00 pm
**Place** : Pandit Din Dayal Upadhyay Auditorium (AMC)
Behind Rajpath Club, Off. S. G. Highway, Ahmedabad.

Passport Size Photos 2 Pcs.

Registration will not be considered without photo.

**Office Use**
Payment ID : ____________
Date : ____________
Paid Rs. : ____________

**CANDIDATE FORM**

Male ☐ Female ☐
Cast & Sub Cast : ____________

Candidate Name : ________________________
(In Capital Letters) (First Name) (Father Name) (Surname)

Father's Name : ____________ Age : ____ Occupation : ____________

Mother's Name : ____________ Age : ____ Occupation : ____________

Brother : ____________ Sister : ____________

Resident Address : ________________________

________________________

Pin Code : ____________ Email : ____________

Mobile (1) : ____________ Mobile (2) : ____________

Date of Birth : ____________ Birth Time : ____________ Birth Place : ____________

Height : ________ Weight : ________ Marital Status : ____________

Candidate Education : ________________________

Candidate Occupation : Job ☐ Business ☐ Place : ____________ Annual Income : ____________

Physical Deformity (Please Specify) : ____________ Mangal / Shani : ____________

The information provided by us is true and correct, We have read all the rules and are abide by us.

Date : ____________

Parent Sign Candidate Sign

**NOTES :**

(1) Registration charges are for Dishawal Rs. 250/- & for other Vaishnav Vanik Rs. 400/-, Lunch charges per person Rs. 250/- Extra.
(2) This form can be filled online at Samaj website www.ads-online.in also at SamajOffice (Above Address) physically at 5:00 pm to 7:00 pm.
(3) Two Guardian with one candidate will be allowed on first come first basis.
(4) Form with improper or missing information will be rejected.
(5) Samaj reserves the right to reject or cancel any form & samaj will not be responsible for any printing errors.
(6) Last date of registration is 30-11-2022.

For Payment
G Pay

Payment made by other than candidate must send screen short with candidate name for verification on Whatsapp No. : 95123 40532.

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત

## ૧૧મું લગ્નોત્સુક યુવક-યુવતિ પરિચય - પસંદગી સંમેલન

**(ફક્ત દિશાવાળ અને વૈષ્ણવ વણિક યુવક-યુવતી માટે જ)**

**તારીખ : ૨૫-૧૨-૨૦૨૨, રવિવાર, સમય : સવારે ૮.૦૦ થી ૫.૦૦ કલાકે**

**સ્થળ : પંડિત દિનદયાલ ઓડિટોરીયમ**

**રાજપથ કલબ પાછળ, ઓફ એસ.જી. હાઇવે, અમદાવાદ.**

## SIMPLE WAY TO REGISTER

- ☞ **Online Registration**
- ☞ **at www.ads-online.in**
- ☞ **Go to metrimony**
- ☞ **Fill up the Form**
- ☞ **Make Payment (G-Pay) & Submit**







### CANDIDATE INFORMATION :

1. Registration Charges For Dishawal **Rs. 250/-** & for other Vaishnav Vanik **Rs. 400/,** Lunch Charges per Person **Rs. 250/-** Extra.
2. Two Guardian with one Candidate will be allowed on first come first basis.
3. Form with improper or missing Information will be rejected.
4. Samaj reserved the right to reject or cancel any form & samaj wil not be responsible for any printing errors.
5. Candidate can also fillup the form manually at Samaj Office.
6. All Candidate will get metrimony booklet.

## Last Date of Registrstion is 30-11-2022

| | |
|---|---|
| દેવાંગ પી. દેસાઈ<br>પ્રમુખશ્રી | દીપક સી. શાહ<br>મંત્રીશ્રી |

**ઓફિસ : ૫, વાલ્મિકી કોમ્પલેક્ષ, ૧લે માળે, કાલુપુર બેંકની સામે,**
**પરિમલ અન્ડરબ્રીજના નાકે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. (M.) : 95123 40532**

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ મહિલા પાંખ આયોજીત "મેગા હાઉસી" તા. ૭-૧૨-૨૦૨૨ નો અહેવાલ

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ મહિલા પાંખના નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહનો બે વર્ષથી કોરોનાને લીધે સષુપ્ત મહિલા પાંખને વિવિધ પ્રોગ્રામો થકી જગાડવાનો પ્રયત્ન શરૂ કર્યો. પ્રમુખપદ મળતાની સાથે થોડા જ દિવસમાં નડાબેટ નો પ્રવાસ, ત્યારબાદ મહિલાઓની પ્રથમ પસંદગી હાઉસીનો પ્રોગ્રામ ગોઠવવાનું શરૂ કર્યું. ૫૦-૧૦૦ મહિલાઓની હાઉસીની તૈયારીઓ પ્રમુખ શ્રીમતી દક્ષાબેને શરૂ કરી ત્યારે જ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પ્રમુખ શ્રી દેવાંગભાઈ, મંત્રીશ્રી દીપકભાઈ તથા ઉપપ્રમુખ શ્રી દેવાંગભાઈ ખુબ મોટા પાયે હાઉસીનું આયોજન કરવા સુચન કરી અને જોત-જોતામાં ટાગોર હોલ જ બુક થઈ ગયો અને હાઉસીમાંથી "મેગા હાઉસી" સ્વરૂપ અપાઈ ગયું.

"મેગા હાઉસી" ને લઈને તેની તૈયારીઓ પણ મેગા કરવાની રહી. મહિલા પાંખની તમામ કારોબારી સભ્યો ખુબ જ ઉત્સાહથી કામે લાગી ગયા. **"ન ભુ તો ના ભવિષ્યતિ"** કહેવતને યથાર્થ કરવાનું નક્કી કરી શ્રી અમદાવાદ દિશાવાળ સમાજમાં પ્રથમવાર આટલા મોટા પાયા પર "મેગા હાઉસી" નું આયોજન થઈ રહ્યું છે તે એક ઈતિહાસ બને તે નેમ સાથે સૌ ખભેખભા મિલાવી કામે લાગ્યા.

ટીકીટ ની ડિઝાઈ..ટીકીટ વહેંચણી અંગે છણાવટો..કીટ બનાવવા અંગે વિવિધ સુચનો.. ચા-નાસ્તા અંગે ચર્ચા..બેનર..સ્ટેજ બેનરની ડિઝાઈન.. કીટની થેલીની પસંદગી..સ્પોન્સર્સ ની વિગત..મેઈન સ્પોન્સર્સ અને કો-સ્પોન્સર્સનાં નીતિ નિયમો ઘડવા..હોલમાં બેઠક વ્યવસ્થા..સ્ટેજ વ્યવસ્થા.. કીટ વહેંચણી..એન્ટ્રીપાસ..વીઆઈપી ની બેઠક વ્યવસ્થા જેવી અનેકવિધ બાબતોની ખુબ જ ઝીણવટભરી નજરોથી **(MICRO PLANNING)** ૧૨-૧૫ મીટીંગો ગોઠવાઈ ગઈ જેમાં લગભગ બધા કારોબારી સભ્યો અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પ્રમુખશ્રી દેવાંગભાઈ, મંત્રીશ્રી દીપકભાઈ અને ઉપપ્રમુખશ્રી દેવાંગભાઈ હાજર રહેતા અને યોગ્ય માર્ગદર્શન આપતા ગયા. આટઆટલી મીટીંગો પછી પ્રોગ્રામને એક પ્રોફેશનલ સ્વરૂપ અપાઈ ગયું. તે દિશામાં જતા દરેક કારોબારી સભ્ય બહેનોએ એક ડ્રેસકોડ - સ્વખર્ચે (એક જ રંગની સાડી) અપનાવી પ્રોગ્રામને ચાર-ચાંદ લગાવી દીધા.

મહિલા પાંખની દરેક કારોબારી બહેનોએ બે-ત્રણ દિવસમાં જ "મેગા હાઉસી" ની સંપૂર્ણ ટીકીટો વહેંચી દીધી. મહિલા પાંખ દ્વારા નક્કી કરેલ નીતિનિયમો મુજબ **લા મીલાનો પીઝેરીયા, ધી ગોલ્ડન સીક્રેટ ઓઈલ, નવદીપ ઘરઘંટી, પામગ્રીન ક્લબ, ગણેશ મસાલા તથા સી. સોમાભાઈની ચા મેઈન સ્પોન્સર્સ** તરીકે જોડાયા. જ્યારે શ્રેગો સીંગ, શ્રીમતી નીનાબેન ગોપેશકુમાર શાહ તથા શ્રી દેવાંગભાઈ દેસાઈ કો-સ્પોન્સર્સ તરીકે જોડાયા. આ ઉપરાંત અનેક ઈનામીદાતા આગળ આવ્યા. શ્રી રસીકલાલ રંગવાળા સદન-સમાજની ઓફિસમાં તમામ કારોબારી બહેનોએ ૧૦-૧૧ વસ્તુઓ સાથે કીટ તૈયાર કરી જેમાં **"VALUE FOR MONEY"** ભાવ પ્રગટ થતો હતો. નિયત પ્રોગ્રામ કે જે તા. ૫-૯-૨૦૨૨ ના રોજ આયોજીત હતો તે ટાગોર હોલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આખરી દિવસોમાં કેન્સલ કરી તા. ૭-૯-૨૦૨૨ ના રોજ હોલ ફાળવવામાં આવ્યો. આખરી દિવસોમાં ઉપપ્રમુખશ્રી દેવાંગભાઈ શાહે દોડાદોડી કરી હોલ તથા કલેક્ટરશ્રીની પરમિશનની વિધિ પતાવી.

તા.૭-૯-૨૦૨૨ ને બુધવાર ના દિવસે બપોરે ૧.૦૦ વાગ્યાથી તો હાઉસી રમવા આવનાર સ્પર્ધક બહેનોની એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી. એન્ટ્રી વખતે ચાની ચુસ્કી, સુંદર કીટનું વિતરણ, પ્રેમભર્યો આવકાર અને સી.સોમાભાઈની ચા ના સ્ટોલ અને શ્રેગો સીંગના સ્ટોલની મુલાકાત બાદ હોલમાં પ્રવેશ મેળવી તમામ બહેનોએ શિસ્તબધ્ધ રીતે પોતાનું સ્થાન મેળવી દીધેલ.

"મેગા હાઉસી" ની શરૂઆતમાં શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના મંત્રીશ્રી દીપકભાઈ શાહે માતાજીનો જયઘોષ કરાવી તમામ હોદ્દેદારો તથા મહિલા પાંખના હોદ્દેદારોને દિપ પ્રાગટ્ય કરવા આમંત્રિત કર્યા હતા. આ પ્રસંગે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખશ્રી કીરીટભાઈ શાહે ખાસ હાજરી આપી પ્રસંગને શોભાયમાન બનાવેલ. દિપ પ્રાગટ્ય બાદ પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈએ સૌને આવકાર્ય હતા અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના ઈતિહાસ સમા આ પ્રસંગને સફળ બનાવવા તમામ કારોબારી સભ્યો-કાર્યકરોને ખુબ-ખુબ અભિનંદન આપ્યા હતા. મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહે સૌનું ભાવભેર સ્વાગત કર્યું હતું અને તમામ બહેનોને ઈનામો જીતવા માટે શુભાશિષ આપ્યા હતાં. શ્રીમતી દક્ષાબેને તેમના વ્યકતવ્યમાં પ્રમુખશ્રી દેવાંગભાઈ, મંત્રીશ્રી દીપકભાઈ, ઉપપ્રમુખ દેવાંગભાઈ, શ્રી અશોકભાઈ, સહમંત્રીશ્રી જીજ્ઞેશભાઈ, શ્રી શ્વેતલભાઈ, ખજાનચીશ્રી મિતેષભાઈ તથા શ્રી રૂપલભાઈ, શ્રી હિરેનભાઈ, શ્રી સત્યમભાઈ, શ્રી ધીરેનભાઈ તેમજ મહિલા પાંખના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો, મેઈન સ્પોન્સર્સ, કો-સ્પોન્સર્સ તથા તમામ ઈનામી દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. ત્યારબાદ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખશ્રી કીરીટભાઈ શાહે આર્શીવચન આપેલ અને આટલી મોટી સંખ્યામાં હાજર રહેવા બદલ તમામ બહેનોને તથા આવા સુંદર આયોજન બદલ સમગ્ર મહિલા પાંખની ટીમને અભિનંદન આપ્યા હતાં. ત્યારબાદ મેઈન સ્પોન્સર્સ, કો-સ્પોન્સર્સ, ઈનામી દાતાશ્રીનું બુકે થી સન્માન કરવામાં આવેલ.

## મેઈન સ્પોન્સર્સ / કો-સ્પોન્સર્સની વિગત

(૧) લા મિલાનો પીઝેરીયા - ભારતભરમાં ૧૬ માસમાં ૫૫ થી વધુ આઉટલેટ, ૩ એવોર્ડ વિજેતા, ફાસ્ટ ગ્રોઈંગ પીઝા ચેઈન...
(૨) ધી ગોલ્ડન સીક્રેટ ઓઈલ - પ્રમુખશ્રી દેવાંગભાઈની દીકરી પુજા દેસાઈ અગ્રવાલનું સાહસ (૧૦૦% કચ્ચી ઘાણીનું તેલ) સોડમ અપરંપાર
(૩) નવદીપ ઘરઘંટી - ભારતીય મહિલાની પ્રથમ પસંદગી, દેશ-વિદેશમાં નામના, શુધ્ધ આટા ચક્કી ઘર-ઘરમાં...
(૪) ધી પામગ્રીન ક્લબ એન્ડ રીસોર્ટ - આરામદાયક પીકનીક માટેનું અનેરૂ સ્થળ, કુદરતના ખોળે, વોટરપાર્ક, લગ્ન, રીસેપ્શન માટે પ્રથમ પસંદગી...
(૫) શ્રી ગણેશ મસાલા - મહિલાઓની પ્રથમ પસંદગી દેશ-વિદેશમાં પ્રખ્યાત મસાલા, ઉચ્ચ ક્વોલીટી, સ્વાદ અને સોડમ થી ભરપૂર...
(૬) સી.સોમાભાઈની ચા - સવાર ની ચુસ્કી... ચા રસીયાઓની પ્રથમ પસંદગી, દેશ-વિદેશમાં પ્રખ્યાત તેમજ ઉત્તમ ક્વોલીટી...
(૭) શ્રેગો સીંગ - શ્રી અંકિતભાઈ ગણાત્રાનું સાહસ - ત્રણ પેઢીથી સીંગ દાણાના ધંધામાં, "મેગા હાઉસી" માં ૭૦૦ પેકેટ નું યોગદાન...
(૮) નાસ્તાના કો-સ્પોન્સર્સ - શ્રીમતી નીનાબેન ગોપેશકુમાર શાહ (મહિલા પાંખના મંત્રી), વર્ષોથી નાના-મોટા પ્રસંગોએ કેટરીંગ સેવા...

| બુકેથી સન્માન મેળવનાર | સન્માન કરનાર |
|---|---|
| (૧) સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખશ્રી કીરીટભાઈ શાહ | પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈ દ્વારા |
| (૨) નવદીપ ઘરઘંટી વતી દામિનીબેન યોગેશભાઈ પરીખ | મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહ દ્વારા |
| (૩) લા મીલાનો પીઝેરીયા વતી શ્રીમતી રીતુ મનોજકુમાર, શ્રીમતી ઝરણા અનલ પટેલ તથા શ્રીમતી સ્મિતા દીપક શાહ | મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહ દ્વારા |
| (૪) ધી ગોલ્ડન સીક્રેટ ઓઈલ વતી પુજા દેસાઈ અગ્રવાલ | મહિલા પાંખ મંત્રી શ્રીમતી નીનાબેન શાહ દ્વારા |
| (૫) પામગ્રીન ક્લબ વતી (કોઈ હાજર રહેલ નહીં) | ---------------- |
| (૬) શ્રી ગણેશ મસાલા વતી (કોઈ હાજર રહેલ નહીં) | ---------------- |
| (૭) સી.સોમાભાઈ ની ચા વતી શ્રી ભૌમિકભાઈ | મહિલા પાંખ કારોબારી સભ્ય શ્રીમતી વિરલબેન શાહ દ્વારા |
| (૮) અશોક ડેકોરેટર્સ વતી શ્રી અશોકભાઈ શાહ | ઉપપ્રમુખ શ્રી દેવાંગભાઈ શાહ દ્વારા |
| (૯) સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી પન્નાબેન શાહ | મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહ દ્વારા |
| (૧૦) સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર મહિલા પાંખ મંત્રીશ્રીમતી રીપલબેન શાહ | મહિલા પાંખ મંત્રી શ્રીમતી નીનાબેન શાહ દ્વારા |
| (૧૧) હાઉસી માસ્ટર શ્રીમતી વનીતાબેન | મહિલા પાંખ સહમંત્રી શ્રીમતી કિશોરીબેન મણકીવાલા દ્વારા |
| (૧૨) હાઉસી આસીસ્ટન્ટ શ્રીમતી મીનાબેન | મહિલા પાંખ ખજાનચી શ્રીમતી સુનિતાબેન શાહ દ્વારા |

ત્યારબાદ આવેલ તમામનો આભાર માની “મેગા હાઉસી” નો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો અને હાઉસી માસ્ટર શ્રીમતી વનીતાબેન કે જેઓ છેલ્લા ૧૭ વર્ષથી હાઉસીના માસ્ટર છે અને જેઓ પ્રોફેશનલી હાઉસી રમાડી આનંદ કરાવે છે. તેઓને સુકાન સોંપવામાં આવ્યું. હાઉસી માસ્ટર શ્રીમતી વનીતાબેને મેઈન સ્પોન્સર્સનો પરીચય આપેલ હતો અને હાઉસીના નીતી નિયમો તથા એક ઈનામમાં એક થી વધારે તેવા સંજોગોમાં હાઉસી માસ્ટર ટોસ કરી એક ને વિજેતા અને બાકીના તમામને કોન્સોલેશન ઈનામ આપવામાં આવશે. તેવી જાણકારી આપી હતી.

## ઈનામ નાં દાતાશ્રી

- ❖ સોનાનું પેન્ડન્ટ - દક્ષાબેન નરેન્દ્રભાઈ શાહ
- ❖ ચાંદીના ૨ ગ્લાસ - કિશોરીબેન સતિષચંદ્ર મણકીવાલા
- ❖ કાચની ક્રોકરી - પ્રિતીબેન દર્શનભાઈ શાહ
- ❖ રૂા.૫૦૦૦/- - શ્રી ભુપેન્દ્રભાઈ પોપટલાલ શાહ
- ❖ રૂા.૩૦૦૦/- - શ્રી નરેન્દ્રભાઈ પ્રહલાદજી શાહ
- ❖ રૂા.૩૦૦૦/- - સવિતાબેન ગોવિંદલાલ શાહ
- ❖ રૂા.૨૦૦૦/- - ભારતીબેન બાલકૃષ્ણભાઈ શાહ
- ❖ રૂા.૨૦૦૦/- - ગીરાબેન વિનયભાઈ પરીખ
- ❖ રૂા.૨૦૦૦/- - વૃંદાબેન વિરલકુમાર પટેલ
- ❖ રૂા.૨૦૦૦/- - સુનિતાબેન વિનોદચંદ્ર શાહ
- ❖ સોનાનું પેન્ડન્ટ - સરલાબેન અરવિંદભાઈ શાહ
- ❖ ચાંદીની ૧૦૦ ગ્રામની લગડી - સુવર્ણ શિલ્પી જ્વેલર્સ
- ❖ રૂા.૧૧૦૦૦/- - શ્રી કીરીટભાઈ શાહ - SVVP પ્રમુખશ્રી
- ❖ રૂા.૫૦૦૦/- - SVVP મહિલા પાંખ (પન્નાબેન તથા રીપલબેન)
- ❖ રૂા.૩૦૦૦/- - કૈલાસબેન ગોવિંદલાલ શેઠ
- ❖ રૂા.૩૦૦૦/- - રંજનબેન દીપકભાઈ શાહ
- ❖ રૂા.૨૦૦૦/- - છાયાબેન શૈલેષભાઈ શાહ
- ❖ રૂા.૨૦૦૦/- - કોકિલાબેન અશોકભાઈ પરીખ
- ❖ રૂા.૨૦૦૦/- - રેશ્માબેન હિરેનભાઈ શાહ
- ❖ રૂા.૨૦૦૦/- - દક્ષાબેન નરેન્દ્રભાઈ શાહ

### “મેગા હાઉસી” રાઉન્ડ-૧

| ઈનામ | ઈનામની વસ્તુઓ | દાતાશ્રી | વિજેતા |
|---|---|---|---|
| ફુલ હાઉસ-૧ | ચાંદીના ગ્લાસ-૨ નંગ | કિશોરીબેન મણકીવાલા | કેયુરીબેન |
| ફુલ હાઉસ-૨ | ૩ બર્નર ગેસ સ્ટવ (બટર સ્કાય) | લા મીલાનો પીઝેરીયા | નિરવીબેન-સ્મિતાબેન |
| ફુલ હાઉસ-૩ | તેલનો ડબ્બો (૧૫ લીટર) | પુજાબેન દેસાઈ અગ્રવાલ | રીપલબેન |

### “મેગા હાઉસી” રાઉન્ડ-૨

| ઈનામ | ઈનામની વસ્તુઓ | દાતાશ્રી | વિજેતા |
|---|---|---|---|
| ફુલ હાઉસ-૧ | સોનાનું પેન્ડન્ટ | સરલાબેન શાહ | અલ્પાબેન |
| ફુલ હાઉસ-૨ | ૪ બર્નરવાળી ગેસ સગડી | લા મીલાનો પીઝેરીયા | શીતલબેન |
| ફુલ હાઉસ-૩ | બજાજ ૭૫૦ વોલ્ટ મીક્ષ્ચર | હર્ષિદાબેન બી. શાહ | સંગીતાબેન - અનામિકાબેન |

### “મેગા હાઉસી” રાઉન્ડ-૩

| ઈનામ | ઈનામની વસ્તુઓ | દાતાશ્રી | વિજેતા |
|---|---|---|---|
| ફુલ હાઉસ-૧ | નવદીપ ઘરઘંટી | કિશોરીબેન મણકીવાલા | સુનિતાબેન |
| ફુલ હાઉસ-૨ | સોનાનું પેન્ડન્ટ + પામગ્રીન વાઉચર | દક્ષાબેન શાહ + પામગ્રીન ક્લબ | સ્વાતિબેન |
| ફુલ હાઉસ-૩ | બજાજ ઓટીજી + ગોલ્ડન સીક્રેટ ઓઈલ હેમ્પર | લા મીલાનો પીઝેરીયા પુજાબેન દેસાઈ અગ્રવાલ | હેતલબેન ઋતુબેન |

### “મેગા હાઉસી” રાઉન્ડ-૪

| ઈનામ | ઈનામની વસ્તુઓ | દાતાશ્રી | વિજેતા |
|---|---|---|---|
| ફુલ હાઉસ-૧ | ચાંદીની ૧૦૦ ગ્રામ લગડી + પામગ્રીન વાઉચર | સુવર્ણ શિલ્પી જ્વેલર્સ + પામગ્રીન ક્લબ | ઋજુતાબેન |
| ફુલ હાઉસ-૨ | બજાજ ૭૫૦ વોલ્ટ મીક્ષ્ચર | લા મીલાનો પીઝેરીયા | કાશ્મીરાબેન |
| ફુલ હાઉસ-૩ | બોરોસીલ ઓટીજી | ADS | હેમલતાબેન |

હાજર સૌનો ઉત્સાહ જોઈને અને તથા અગાઉના ત્રણ રાઉન્ડ સમયસર પતી જતા ''મેગા હાઉસી'' ના ચોથા રાઉન્ડની ટીકીટ વહેંચવામાં આવી અને સૌ ચોથા રાઉન્ડ રમાડી દેવામાં આવ્યો...

અંતમાં મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન શાહે તમામ આવનાર સ્પર્ધકનો તથા તમામ કારોબારી બહેનો વિરલબેન, નીનાબેન, સરલાબેન, સુનિતાબેન, કિશોરીબેન, છાયાબેન, શિલ્પાબેન, રેશ્માબેન, કોકિલાબેન, વૃંદાબેન, રંજનબેન, ગીરાબેન, કૈલાસબેન, સવિતાબેન, ભારતીબેન, બીજલબેન, ચારૂબેન, રાજુબેન, નીતાબેન, પ્રફુલાબેન, ઈલાબેન તમામ નો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

''મેગા હાઉસી'' પતાવી નાસ્તા ના કો-સ્પોન્સર્સ શ્રીમતી નીનાબેન ગોપેશકુમાર શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ ફરાળી નાસ્તાની મીજબાની માણી હર્ષભેર છુટા પડ્યા હતા.

સંકલન - દક્ષાબેન શાહ

સંકલન - દીપકભાઈ શાહ

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા આયોજીત તા. ૧૦-૭-૨૦૨૨ ના રોજનો નાટ્યપ્રયોગ "સસરાજીનું સુરસુરીયુ" નો અહેવાલ...

છેલ્લા બે વર્ષથી કોરોના કાળને લઈને જ્ઞાતિજનોનું ગેટ ટુ ગેધર કે અન્ય પ્રોગ્રામનું આયોજન કરવું શક્ય નહોતું.. ઘણા સમયથી સમાજના તમામ સભ્યો સુસ્ત.. સુસ્ત વાતાવરણનો અહેસાસ કરતા હતા તેવા સમયમાં કોઈ એક આનંદદાયક પ્રોગ્રામનું આયોજન કરવાનો નિર્ણય હોદ્દેદારોશ્રીઓએ કરેલ... પ્રોગ્રામના આયોજન અંગે કારોબારીએ લીધેલ નિર્ણયના ફળસ્વરૂપ તા. ૧૦-૭-૨૦૨૨ ને રવિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ટાગોર હોલ પાલડી અમદાવાદ ખાતે વિવેકશાહ પ્રોડક્શનનું **"સસરાજીનું સુરસુરીયુ"** સુંદર સામાજીક - નવું ફેફડાફાડ ધમાલ કોમેડી નાટકનું આયોજન કરવામાં આવેલ.

સમાજના તમામ ૧૧ જ્ઞાતિ ઘટકમાં નાટકની જાહેરાત થતાં જ બે-ત્રણ દિવસમાં તમામ ટીકીટો વેચાઈ ગયેલ. તા. ૧૦-૭-૨૦૨૨ ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી તો બધું બરાબર ચાલતું હતું. પરંતુ ત્યારબાર કુદરતને કાંઈ બીજું જ મંજૂર હતું. અચાનક ઘનઘોર વાદળો મંડરાવા લાગ્યા અને ૭.૦૦ વાગ્યાથી અનરાધાર વરસાદની શરૂઆત થઈ ગઈ. જોત જોતામાં અમદાવાદમાં અનેક વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં. નાટક માટે આવવા માટે તૈયાર પ્રેક્ષકો વરસાદ બંધ થવાની રાહ જોતા બેસી રહ્યાં. ખૂબ જ કઠિન પ્રયત્નો બાદ મંત્રીશ્રી દીપકભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી દેવાંગભાઈ શાહ તથા માત્ર ૨૦૦ થી ૨૨૫ પ્રેક્ષકો જ ટાગોરહોલ સુધી પહોંચી શક્યાં.

આ પ્રસંગે શ્રી રસીકલાલ રંગવાલા સદનના મુખ્ય દાતાશ્રી, રિનોવેશન દાતાશ્રી તથા રૂા. ૧,૦૦,૦૦૦/- થી વધુ ડોનેશન આપનાર તમામ પરિવારજનોના તથા ''દિશાવાળ રત્ન'' અને ''દિશાવાળ ગૌરવ'' એવોર્ડ મેળવનાર મહાનુભાવોનું સ્વાગતનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવેલ... પરંતુ કોઈપણ દાતાશ્રી ટાગોરહોલ સુધી પહોંચી શકેલ ના હોવાથી તે કાર્યક્રમ મૌકૂફ રાખવાનું નક્કી કરવું પડેલ.....

**"SHOW MUST GO ON"** યથાર્થ કરતા હોલ ઉપર આવેલ પ્રેક્ષકોને નારાજ ન કરતાં નાટ્યપ્રયોગ માત્ર ૨૦૦-૨૨૫ પ્રેક્ષકોની હાજરીમાં શરૂ કરી દીધેલ. ખૂબ જ સુંદર સામાજીક ફેફડાફાડ કોમેડી સાથે અને બે થી ત્રણ વખત વન્સમોરની બુમો સાથે હાજર પ્રેક્ષકોએ ખૂબ જ ઉત્સાહથી નાટકને માણેલ.

વરસાદ ઓછો થતાં અનેકવિધ મુશ્કલીમાં પણ પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈ હોલ ઉપર પહોંચેલ અને નાટકના અંતમાં કલાકારો તથા હાજર પ્રેક્ષકોનો આભાર માનેલ તથા જેઓ વરસાદને લીધે હાજર રહી શકેલ નથી તે તમામ પ્રેક્ષકોને / જ્ઞાતિજનોને ટીકીટના સંપૂર્ણ નાણાં સમાજની ઓફિસથી પરત આપવામાં આવશે તેની જાહેરાત પણ કરી દેવામાં આવતાં તમામ જ્ઞાતિજનોએ આ રીફંડના નિર્ણયની પ્રશંસા કરેલ અને સમાજ દરેક સમયે પડખે છે તેની પ્રતિતિ થયેલ અને નાટક માણી ના શકેલ તેવા તમામ પેક્ષકોને તા. ૧૫-૭-૨૦૨૨ અન ૧૬-૭-૨૦૨૨ ના રોજ સમાજની ઓફિસથી સંપૂર્ણ નાણાં પરત આપવામાં આવેલ. આવા સમયે વિવેકશાહ પ્રોડક્શનના શ્રી વિવેકશાહ દ્વારા પણ હૈયાધારણ આપવામાં આવેલ કે ભવિષ્યમાં યોજનાર નાટકમાં તેઓ નહીં નફો - નહીં નુકશાનના ધોરણે એક નાટ્યપ્રયોગ સમાજને આપશે.

સમય અનુસાર લીધેલ રીફંડના નિર્ણયને તમામ જ્ઞાતિ ઘટકો તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ અને નિર્ણયની સરાહના કરવામાં આવેલ.

સંકલન : દીપક શાહ (મંત્રીશ્રી)

## મેગા હાઉસીની મેગા સફળતાની બોલતી તસ્વીરો... તા. ૭-૯-૨૦૨૨, ટાગોર હોલ












## “સસરાજીનું સુરસુરીય” નાટકની બોલતી તસ્વીર... તા. ૧૦-૭-૨૦૨૨, ટાગોર હોલ











RNI No. GUJGUJ/2002/7890



POSTAL REG. NO. GUJ / 524 / 2021 - 23 VALID UPTO 31-12-2023
POSTED AT P.S.O. AHD.-2 ON 28TH OF EVERY MONTH

**શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ (મહિલા પાંખ) તથા**

● શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ ● શ્રી અમદાવાદ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ
● શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ ● શ્રી પાટણ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ
● શ્રી ડાકોર દશા દિશાવાળ જ્ઞાતિ મંડળ ● શ્રી પેટલાદ દશા દિશાવાળ જ્ઞાતિ મંડળ
● શ્રી અમદાવાદ વિશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ ● શ્રી નાપા-નડિયાદ-પાદરા દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ
● શ્રી સાદરા દશા દિશાવાળ જ્ઞાતિ ● શ્રી સરસપુર દિશાવાળ વણિક સમાજ
● શ્રી ખંભાત દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળના સંયુક્ત ઉપક્રમે

# રાસ-ગરબા ડી.જે. સંગ

## રાસ - ગરબા

**તારીખ :** તા. ૦૨-૧૦-૨૦૨૨, રવિવાર
આસો સુદ - ૭
**સમય :** રાત્રે ૭.૦૦ કલાકે
**સ્થળ :** ભુદરપુરા સાંસ્કૃતિક હોલ, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ.



## પાસ વિતરણ - સમાજ ઓફિસ

**તારીખ :** ૨૬-૯-૨૦૨૨, સોમવાર
૨૭-૯-૨૦૨૨, મંગળવાર
**સમય :** સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન
**સ્થળ :** શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ
૫, વાલ્મીક કોમ્પલેક્ષ, પરિમલ ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ.

## પાસ વિતરણ - મહિલા પાંખ

- સુનિતાબેન વી. શાહ - મણિનગર - ૭૦૪૬૧૮૦૧૮૦
- રંજનબેન ડી. શાહ - ઘોડાસર - ૭૦૧૬૭૧૧૭૭૯
- ઈલાબેન - આસ્ટોડીયા - ૯૯૭૮૯૭૨૨૫૬
- છાયાબેન એસ. શાહ - નારણપુરા - ૯૪૦૯૫૧૪૦૯૫
- પ્રફુલાબેન વી. શેઠ - ઈસનપુર - ૯૧૭૩૪૫૫૫૭૫
- રેશ્માબેન એચ. શાહ - પાલડી - ૯૨૨૭૨૩૬૪૪૬

**રાસ-ગરબા કાર્યક્રમમાં ચા-કોફી તથા નાસ્તા ની વ્યવસ્થા રાખેલ છે, તેના યોગ્ય આયોજન માટે પ્રવેશ પાસ + ચા-કોફી નાસ્તા પાસનો ટોકન ચાર્જ રૂા. ૫૦/- લેવાનું નક્કી કરેલ છે.**

**કાર્યક્રમમાં હાજરી આપવા ઇચ્છુક સમાજના સભ્યોએ ઉપર જણાવેલ સ્થળેથી પાસ મેળવી લેવાના રહેશે.**

● સમાજના સભ્યોએ પાસ લેવા આવતી વખતે સભ્ય નંબર જણાવવાનો રહેશે. ● સભ્યદીઠ વધુમાં વધુ ૪ પાસ આપવામાં આવશે. ઉપરોક્ત સૌ જ્ઞાતિના સભ્યોએ પોતાના પાસ જ્ઞાતિ-હોદ્દેદારો પાસેથી અગર જ્ઞાતિના સરક્યુલર મુજબના સ્થળેથી મેળવી લેવાના રહેશે. ● ગરબામાં હાજર રહેનાર બહેનોને લ્હાણી મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી દક્ષાબેન નરેન્દ્રભાઈ શાહ તરફથી આપવામાં આવશે અને પ્રસાદ ચેરપર્સન શ્રીમતી સરલાબેન અરવિંદભાઈ શાહ તરફથી આપવામાં આવશે. ● રાસ-ગરબા કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક-યુવતીઓએ શક્ય હોય તો, ટ્રેડીશનલ ડ્રેસમાં આવવું અને ડાંડીયા સાથે લાવવા વિનંતી. રાસ-ગરબા કાર્યક્રમ સમાજ + જ્ઞાતિના સભ્યો પૂરતો જ મર્યાદિત હોવાથી, ગેસ્ટ પાસ માટે આગ્રહ ન રાખવા વિનંતી, રાસ-ગરબા કાર્યક્રમમાં સૌ ભાઈ-બહેનો, નાના ટબૂરીયાઓ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવશે એવી અમો અપેક્ષા રાખીએ છીએ.

From :
SHRI AHMEDABAD DISHAWAL SAMAJ
Ojas Bhavan, Opp. State Bank of India,
Astodia Road, AHMEDABAD - 380 001.
Phone : 079 - 2214 6803

To,

• EDITOR : SHRI DEVANG PRAVINCHADRA DESAI
• OWNER : SHRI AHMEDABAD DISHAWAL SAMAJ
• PUBLISHER & PRINTERS : SHRI JAGDISHBHAI S. SHAH Email : dishawalsaurabh@yahoo.com
• Printed At : OJAS PRINTERS & STAT., Ojas Bhavan, Opp. State Bank of India, Astodia Road, AHMEDABAD - 380 001.